# નવો પૂર્વ (સરથાણા) ઝોન–બી

સુરત મહાનગરપાલિકાનાં નવો પૂર્વ ઝોન(સરથાણા) વિસ્તારમાં આવેલ મોટાવરાછા ગામતળમાં ચોરાફળીયા ખાતે જુની આર.સી.સી. ઓવરહેડ પાણીની ટાંકીવાળી મિલ્કતને ઉતારી પાડી માલસામાન લઈ જવાના કામ બાબત.

| | | |
|---|---|---|
| **કવોટેશન સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય** | **:** | **તા. ૨૧/૧૧/૨૦૨૪, ૧૮:૦૦ કલાક સુધી** |
| **કવોટેશન, બાનાની રકમ તેમજ અન્ય જરૂરી પુરાવા સહિત હાર્ડ કોપીમાં સીલબંધ કવરમાં મોકલવાનું સરનામું** | **:** | **કાર્યપાલક ઈજનેર,<br>નવો પૂર્વ (સરથાણા) ઝોન–બી,<br>વહીવટી ભવન, સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં, શ્યામધામ મંદિર ચાર રસ્તા પાછળ, સરથાણા, સુરત.** |

**સુરત મહાનગરપાલિકા**
**નવો પૂર્વ(સરથાણા) ઝોન**

**કામનું નામઃ–** **સુરત મહાનગરપાલિકાનાં નવો પૂર્વ ઝોન(સરથાણા) વિસ્તારમાં આવેલ મોટાવરાછા ગામતળમાં ચોરાફળીયા ખાતે જુની આર.સી.સી. ઓવરહેડ પાણીની ટાંકીવાળી મિલ્કતને ઉતારી પાડી માલસામાન લઈ જવાના કામ બાબત.**

**શરતો :–**

| | |
|---|---|
| ૧. | હયાત ઈમારત જયાં જે હાલમાં છે તે હાલતમાં ત્યાંથી ફાઉન્ડેશન/ફુટીગ ગ્રીલ સહિત તોડી પાડી જગ્યા હયાત રસ્તા લેવલે સમતલ કરી માલસામન લઈ જવાની શરતે આપવામાં આવે છે. |
| ૨. | સમય મર્યાદા બાદ આવેલ કવોટેશન સ્વીકારવામાં આવશે નહીં. |
| ૩. | કોઈપણ કવોટેશન સ્વીકારવાનું અને કોઈપણ અથવા બધા કવોટેશનો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે. |
| ૪. | ઈજારદારને કવોટેશન સાથે જરૂરી એવી **બાનાની રકમ રૂા.૫૦૦૦/–** કવોટેશન સાથે કમિશ્નર, સુરત મહાનગરપાલિકાના નામના સુરત ખાતેની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર થી અચુક જમા કરાવવાનો રહેશે. અન્ય રીતે ભરવામાં આવેલ બાનાની રકમ સાથેના અને બાનાની રકમ ભર્યા સિવાયના કવોટેશન રદ થવાને પાત્ર રહેશે. |
| ૫. | ઈજારદારે કવોટેશન સાથે પાન કાર્ડ, GST રજીસ્ટ્રેશન તથા કામના અનુભવનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. |
| ૬. | જે ઈજારદારનું કવોટેશન સ્વીકારવામાં આવશે તેને ભરવાપાત્ર બાનાની રકમ ઉપર જણાવેલ માલસામાનની રકમ પેટે મજરે આપવામા આવશે. |
| ૭. | ઈજારદારે તોડવા માટેના ઈમારતનું રૂબરૂ નિરીક્ષણ કરી કાટમાલમાં આવતી જુદીજુદી આઈટમોનો જથ્થો ગુણવતા તથા અન્ય બીજી બાબતોની જાણ અનુભવ કર્યા પછી કવોટેશન ભરવાનું રહેશે. આ અંગે પાછળથી કોઈપણ જાતની કાર્યવાહી કે તકરારને ધ્યાનમાં લેવામાં આવશે નહિં. |
| ૮. | ઈજારદારનું કવોટેશન સ્વીકારવાનો પત્ર મળ્યેથી ઈજારદારે કવોટેશનમાં જણાવેલ ઓફરના નાણાં અત્રેની સુચના મુજબ સુરત મહાનગરપાલિકાના હિસાબખાતામાં જમા કરાવવાની રહેશે. અને તે અંગેની નાણાં ભર્યાની રસીદ રજુ કર્યા બાદ હયાત ઈમારત તોડફોડ કરવાનો(ઉતારવાનો) હુકમ આપવામાં આવશે. |
| ૯. | કવોટેશનમાં જણાવેલ પુરે પુરી કિંમત વર્કઓર્ડર મળ્યેથી દિન ૧૫(પંદર) માં જમા ન કરાવવામાં આવશે તો ઈજારદારનું કવોટેશન આપોઆપ રદબાતલ ગણી લેવામાં આવશે અને ભરેલ બાનાની રકમ જપ્ત કરી લેવામાં આવશે.રકમ અત્રેની તિજોરીમાં જમા થયા બાદ જ મકાન ઉતારવાની કાર્યવાહી કરવાની રહેશે. |
| ૧૦. | હયાત ઈમારત તોડતા આજુબાજુના વિસ્તારમાં રહેતા માણસોને,મિલ્કતોને કે અન્ય બીજી વસ્તુઓને નુકશાન કે હેરાનગતી ન થાય તેની ઈજારદારે તકેદારી રાખવાની રહેશે. તેમ છતાં જો કોઈ મુશ્કેલી, નુકશાન કે નડતરરૂપ વિગેરે થાય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે. આ અંગે કોઈપણ જાતની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહિં. |
| ૧૧. | હયાત ઈમારતને તોડી તેને જમીનદોસ્ત કરી જગ્યા સાફસફાઈ, ચોખ્ખી કરી હયાત રસ્તા લેવલે સમતલ કરી આપવાની રહેશે. |
| ૧૨. | જરૂરી એવા જકાતવેરા,વેચાણવેરા તથા અન્ય કોઈપણ પ્રકારના રાજય/કેન્દ્રીય સરકારના તથા સુરત મહાનગરપાલિકાના વેરાઓ ભરવાની જવાબદારી ઈજારદારની પોતાની રહેશે. તે માટે સુરત |

| | |
|---|---|
| | મહાનગરપાલિકા જવાબદાર નથી. |
| ૧૩. | હયાત ઈમારતને તોડતા કે ઉતારતા માણસોને કોઈપણ જાતની શારિરીક ઈજાઓ કે જાનહાનિ કે અન્ય કોઈ બીજુ નુકશાન થાય તેની સંપુર્ણ તકેદારી ઈજારદારે રાખવાની રહેશે તેમ છતા જો આ અંગે કોઈ પણ બનાવ બને તો તેની તમામ જવાબદારી ઈજારદારની રહેશે અને તે અંગેનો સંપૂર્ણ ખર્ચ /વળતર ઈજારદારે ચુકવવાનું રહેશે. |
| ૧૪. | હયાત ઈમારતને તોડતા પહેલા સંપૂર્ણ સાઈટનું સ્થળ નિરીક્ષણ કરી સુરક્ષા પ્રસાધનો, એરીયા બેરીકેડીગ વિગેરે પુરા પાડવાની જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૧૫. | ઈજારદારે આ ઈમારત તોડવાનો **વર્કઓર્ડર મળ્યેથી ૦૨(બે) માસમાં કામ** પુરૂ કરવાનું રહેશે. જો તેમ કરવામાં ઈજારદાર કસુર કરશે તો તેની ઉપર મંજુર ઓફર રકમના ૧% પ્રતિદિન લેખે ચાર્જ લઈ ઈજારદારના ખર્ચે અને જોખમે આ કામ કરાવી લેવામાં આવશે. |
| ૧૬. | હયાત ઈમારત તોડવા અંગેની સાઈટ ઉપર તમામ જરૂરી એવી કે અન્ય કોઈ સુવિધાઓ કે જરૂરીયાત ઈજારદારે પોતે કરવાની રહેશે. |
| ૧૭. | કવોટેશનમાં ભાવ/રકમ ઓફર લેટરમાં ફરજીયાત ભરવાના રહેશે. |
| ૧૮. | ઈજારદાર આ કવોટેશનની શરતમાં કોઈ ફેરફાર કરશે અથવા પોતાના લેટરપેડ પર કોઈપણ વધારાની શરતો રજુ કરશે તો તે મહાનગરપાલિકા ધ્યાનમાં લેશે નહિં કે તેમ કરવા મહાનગરપાલિકાને ફરજ પાડી શકાશે નહિ. આવી શરતો મહાનગરપાલિકાને કોઈપણ સંજોગોમાં બંધનકર્તા રહેશે નહિં. |
| ૧૯. | કવોટેશન રજુ કરનારે કોઈપણ પત્રકો,શરતોના કાગળો કાઢી લેવાના નથી જો તેમ કરવામાં આવશે તો તેને ઈરાદાપૂર્વક ગેરરિતી ગણી તેમની સામે મહાનગરપાલિકા કાયદેસરની કાર્યવાહી કરશે તથા અનામતની રકમ જપ્ત કરશે. |
| ૨૦. | કવોટેશનમાં ભરેલા કવોટેશન/રકમ સ્વીકારવા માટે કવોટેશન ખુલ્યાની તારીખથી ૧૨૦ (એકસોવીસ) દિવસ સુધી વેલીડીટી ગણાશે. ઉપરોકત જણાવેલ ૧૨૦ દિવસની સમયમર્યાદા સુધીમાં કવોટેશન ભરનાર ઈજારદાર પોતાના કવોટેશનમાં કોઈપણ જાતનો સુધારો વધારો કરી શકશે નહી. |
| ૨૧. | ભરવામાં આવેલ બાનાની/સીકયોરીટી અનામત પર કોઈપણ સંજોગોમાં વ્યાજ આપવામાં આવશે નહિં. |
| ૨૨. | ઈજારદારે મિલકત સંપૂર્ણ ઉતારી, જમીનદોસ્ત કરી સાફસફાઈ ચોખ્ખી કરી,જમીનના હયાત રસ્તાના લેવલે સમતલ કરે ત્યારબાદ જ મિલકતમાંથી ઉતારેલ માલસામાન લઈ જવા દેવામાં આવશે. |
| ૨૩. | કવોટેશન મંજુર થયેથી વર્કઓર્ડરની તારીખથી દિન –૧૦(દશ)માં મંજુર કવોટેશન રકમના ૨% પ્રમાણે સીકયોરીટી ડીપોઝીટ ફકત રોકડા/ ડીમાન્ડ ડ્રાફટ જમા કરાવવાના રહેશે તથા રૂા. ૩૦૦ + રૂા. ૩૦૦ + રૂા. ૩૦૦ ના સ્ટેમ્પ પેપર પર કરારનામું, સ્યોરીટી તથા અન્ડરટેકીગ કરાવવાનું રહેશે. |
| ૨૪. | જો આ કામ બાબતે તકરાર ઉભી થાય તો તેવા સંજોગોમાં મેટર સુરત સીવીલ કોર્ટમાં પડકારી શકાશે. |
| ૨૫. | મિલ્કત ઉતારવા માટે ઉપર જણાવ્યા મુજબની શરતો અર્થઘટન બાબતના કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય નિર્ણાયાત્મક તેમજ બંધનકર્તા રહેશે. |

*ઈજારદારની સહી*

*કાર્યપાલક ઈજનેર*
*નવોપૂર્વ(સરથાણા)ઝોન*
*સુરત મહાનગરપાલિકા*

## સુરત મહાનગરપાલિકા
## નવા પૂર્વ(સરથાણા) ઝોન

**કામનું નામ :** **સુરત મહાનગરપાલિકાનાં નવા પૂર્વ ઝોન(સરથાણા) વિસ્તારમાં આવેલ મોટાવરાછા ગામતળમાં ચોરાફળીયા ખાતે જુની આર.સી.સી. ઓવરહેડ પાણીની ટાંકીવાળી મિલ્કતને ઉતારી પાડી માલસામાન લઈ જવાના કામ બાબત.**

ઈજારદારનું નામ :–
સરનામું :–

| | | | |
|---|---|---|---|
| પાર્ટનરશીપ એજન્સી | માટે દરેક પાર્ટનરોના | હાલના / તાજા પાસપોર્ટ | સાઈઝના ફોટા અહી ચોટાડવા |

| પાર્ટનરના સહીના નમૂના | સરનામું |
|---|---|
| | |
| | |
| | |

**નોંધ :– પાર્ટનરશીપ એજન્સી માટે રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ જોડવો ફરજીયાત છે.**

કાર્યપાલક ઈજનેર
નવો પૂર્વ(સરથાણા)ઝોન
સુરત મહાનગરપાલિકા

**એસ.સી.વસાવા**
**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**નવો પૂર્વ(સરથાણા)ઝોન**

સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં, શ્યામધામ મંદિર ચાર રસ્તા પાછળ, સરથાણા, સુરત – ૩૯૫૦૧૩.

ઈઝેડ./ આ.નં. ૩૬૨૮
તા. ૧૨/૧૧/૨૦૨૪

**પ્રતિ,**

**.......................................**

**.......................................**

**.......................................**

**વિષયઃ** સુરત મહાનગરપાલિકાનાં નવો પૂર્વઝોન(સરથાણા) વિસ્તારમાં આવેલ મોટાવરાછા ગામતળમાં ચોરાફળીયા ખાતે જુની આર.સી.સી. ઓવરહેડ પાણીની ટાંકીવાળી મિલ્કતને ઉતારી પાડી માલસામાન લઈ જવાના કામ બાબત.

**મહાશય,**

ઉપરોકત વિષયમાં જણાવેલ કામ અંગે તમો રસ ધરાવતા હોય તો નીચે મુજબના કોષ્ટકમાં જણાવેલ કામ માટે જરૂરી બાનાની રકમ (EMD) ડીમાન્ડ ડ્રાફ્ટ સાથેનું તમારું ભાવપત્રક સીલબંધ કવરમાં તા. ૨૧/૧૧/૨૦૨૪ સુધીમાં કાર્યપાલક ઈજનેર, નવો પૂર્વ (સરથાણા) ઝોન, સંકલ્પ રેસિડેન્સીની બાજુમાં, શ્યામધામ મંદિર ચાર રસ્તા પાછળ, સરથાણા, સુરતને મોકલવા ઘટતું કરશો.

| અ. નં. | સ્થળની વિગત | નંગ | રકમ પ્રતિ નંગ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | નવો પૂર્વઝોન(સરથાણા) વિસ્તારમાં આવેલ મોટાવરાછા ગામતળમાં ચોરાફળીયા ખાતે જુની આર.સી.સી. ઓવરહેડ પાણીની ટાંકીવાળી મિલ્કત | ૧ | | |
| | | | કુલ રકમઃ | |
| | અંકે રૂપિયા શબ્દોમાં : | | | |

-sd-
કાર્યપાલક ઈજનેર
નવો પૂર્વ(સરથાણા)ઝોન
સુરત મહાનગરપાલિકા

ઈજારદારની સહી